**Sessions Case No. 15/2021**

| | |
|---|---|
| RECEIVED ON | 20-02-2021 |
| REGISTERED ON | 20-02-2021 |
| DECIDED ON | 07-01-2023 |
| DURATION | |
| YEAR:01 MONTH:10 DAYS:18 | |

सत्यमेव जयते

# કચ્છ જિલ્લાના છઠ્ઠા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ભુજ –કચ્છ

==================================================

**<u>ચુકાદો આપ્યાની તારીખ :</u>** **<u>સેશન્સ કેસ નં. ૧૫/૨૦૨૧</u>**

**તા:૦૭/૦૧/૨૦૨૩** **આંક– A/174**

(પધ્ધર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નં. ૭૦૪/૨૦૨૦, આઈ.પી.સી. કલમ–૩૦૨,૩૦૭,૧૨૦(બી),૫૦૬(૨),૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ– ૧૩૫ )

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદી તરફે | વિધ્વાન એડી.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી | |
| આરોપીઓ | **૧. શૌકતઅલી ઉર્ફે અભલો બરકતઅલી પઠાણ**<br>રહે: ભીડનાકા બહાર, સિતારા ચોક, ભુજ–કચ્છ<br>**૨. ઉમર સુમાર બાફણ,**<br>રહે: નવાવાસ, કુકમા, તા: ભુજ–કચ્છ<br>**૩. અબકર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રા,**<br>રહે: તરાઈ વાળુ ફળીયુ, લખુરાઈ ચાર રસ્તા, સુરલભીટ, ભુજ–કચ્છ<br>**૪. નુરમામદ સુમાર બાફણ,**<br>રહે: કુકમા, નવાવાસ, ભુજ–કચ્છ<br>હાલ:સિતારા ચોક, ભીડગેટ, ભુજ–કચ્છ | ઉ.વ.:૨૩<br>ધંધો: મજુરી<br>ઉ.વ.:૩૩<br>ધંધો: મજુરી<br>ઉ.વ.:૨૯<br>ધંધો: મજુરી<br><br>ઉ.વ.:૩૮<br>ધંધો: મજુરી |
| આરોપીઓ તરફે | આરોપી નં.૧ તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એમ.એ.ખોજા<br>આરોપી નં.૨ તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી કે.એમ.પટેલ<br>આરોપી નં.૩ તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી બી.એમ.ધોળકીયા<br>આરોપી નં.૪ તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી જી.એન.ગઢવી | |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા: ૦૭–૦૯–૨૦૨૦ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા: ૦૭–૦૯–૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | તા: ૦૨–૦૨–૨૦૨૧ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા:૨૮–૧૦–૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા: ૦૯–૦૩–૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા: ૦૭–૦૧–૨૦૨૩ |
| ચુકાદો આપ્યા તારીખ | તા: ૦૭–૦૧–૨૦૨૩ |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | –––––– |

**Sessions Case No. 15/2021**

**–:: આરોપીઓની વિગતો :–**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C .Se. 428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શૌકતઅલી ઉર્ફે અભલો બરકતઅલી પઠાણ | ૦૮–૦૯–૨૦ | કાચા કામના કેદી તરીકે જયુડીશીયલ કસ્ટડીમાં રહેલ છે. | આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭,૧૨૦(બી) ,૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | –––– | –––– |
| ૨ | ઉમર સુમાર બાફણ | ૦૮–૦૯–૨૦ | કાચા કામના કેદી તરીકે જયુડીશીયલ કસ્ટડીમાં રહેલ છે. | આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭,૧૨૦(બી) ,૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | –––– | –––– |
| ૩ | અકબર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રા | ૧૫–૦૯–૨૦ | ૦૩–૧૨–૨૦ | આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭,૧૨૦(બી) ,૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | –––– | –––– |
| ૪ | નુરમામદ સુમાર બાફણ | ૦૯–૧૦–૨૦ | ૦૯–૧૨–૨૦ | આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭,૧૨૦(બી) , ૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | –––– | –––– |

**:: <u>જ જ મે ન્ટ</u> ::**

**તા: ૦૭/૦૧/૨૦૨૩**

**૦૧.** આ કામના તહોમતદારો (૧) શૌકતઅલી ઉર્ફે અભલો બરકતઅલી પઠાણ,રહે: ભીડનાકા બહાર,સિતારા ચોક, ભુજ–કચ્છ (૨) ઉમર સુમાર બાફણ,રહે:નવાવાસ, કુકમા,તા: ભુજ–કચ્છ (૩) અબકર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રા,રહે: તરાઈ વાળુ ફળીયુ, લખુરાઈ ચાર રસ્તા, સુરલભીટ,ભુજ–કચ્છ (૪) નુરમામદ સુમાર બાફણ,રહે: કુકમા,નવાવાસ, ભુજ–

કચ્છ હાલ:સિતારા ચોક, ભીડગેટ,ભુજ-કચ્છનાઓ વિરૂધ્ધ પધ્ધર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી.નં.૧૧૨૦૫૦૪૪૨૦૦૭૦૪/૨૦૨૦, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૩૦૭,૧૨૦(બી),૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાની ફરીયાદ, ફરીયાદી મામદ સુલેમાન કકલ દ્વારા તા:૦૭-૦૯-૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ.

**૦૨. ફરીયાદની ટૂંકમાં હકીકત :-**

ફરીયાદીશ્રી મામદ સુલેમાન કકલ એ તા:૦૭-૦૯-૨૦૨૦ ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર, પધ્ધર પોલીસ સ્ટેશન સમક્ષ ફરીયાદ આપેલ છે. જેની ટૂંક હકીકત એવી છે કે, :-

- ફરીયાદી તા: ૦૭-૦૯-૨૦૨૦ ના રોજ સવારના દસ વાગ્યાની આસપાસ તેમના ઘેર હાજર હતા ત્યારે તેમના મોબાઈલ નં. ૯૯૭૯૩૦૬૪૯૭ ઉપર ઈરફાન સાલેમામદ કકલનો ફોન આવેલ કે, ''તારા ભત્રીજા આઝાદને ઉમર સુમાર અને અભલો ઉર્ફે શોકતઅલી બરકતઅલી એ છરી મારેલ છે અને લોહી લુહાણ થઈ ગયેલ છે., જેથી તાત્કાલીક ત્યાં પહોચ''

- ફરીયાદીએ તેમની મેજીક લઈ રસ્તામાંથી હાસમ સાલેમામદ તથા અનવર આમદ ચંગલ ને સાથે લીધેલ અને ત્યાં જતા તેમના ભત્રીજા આઝાદની બાઈક કલમ હોસ્પીટલની પાછળ આવેલ પંચર વાળી શેરીમાં પડેલ હતી અને તેમના ભત્રીજા આઝાદને ડાબી બાજુ છાતીના નીચે ઉંડો ઘા જોવામાં આવેલ અને તેમાંથી લોહી નીકળતું હતું અને રજબ હુશેન કકલને પણ પેટના ભાગે ઈજા થયેલ હતી અને કપડાઓ બંનેના લોહી લુહાણ હતા.

- ફરીયાદીના ભત્રીજા આઝાદને ખૂબ જ ગંભીર ઈજાઓ હોઈ, બેહોશ હાલતમાં હતો તેમજ રજબ ને પણ ઈજાઓ થયેલ હોઈ, તે ઉંધો પડેલ હતો. તેઓએ બંનેને હલાવી-ચલાવી જોતા બેહોશ હાલતમાં હોઈ, જેથી અનવરે તથા હાસક સાલેમામદ અને ફરીયાદી તેમજ ભીખો વિગેરે મળી આ બંને જણાને છોટા હાથીમાં નાખી, જી.કે.જનરલ હોસ્પીટલે લઈ ગયેલ.

- હોસ્પીટલમાં ફરીયાદીના ભત્રીજાના સગા-સબંધી તેમજ પિતા આવી જતા,ડોકટરશ્રી એ તેઓને જણાવેલ કે, ''તમારો ભત્રીજો આઝાદ હુશેન કકલ મરણ પામેલ છે અને રજબ હુશેન કકલને ખૂબ જ ગંભીર ઈજાઓ હોઈ હાલે ઓપરેશન ચાલુમાં છે, ભાનમાં નથી''.

**Sessions Case No. 15/2021**

- ફરીયાદીને અનવર આમદ ચંગલે જણાવેલ કે,''ગઈ કાલે રાત્રીના દસેક વાગ્યાના અરસામાં હું તથા આઝાદ અને રજબ ત્રણે બી.એમ.સી.બી.એ હાજર હતા ત્યારે મે ઉમર સુમાર બાફણ તથા અભલો ઉર્ફે શૌકતઅલી બરકતઅલી પઠાણને કહેલ કે, અમારી પોલીસને બાતમી ખોટી કેમ આપો છો, પોલીસ અમારા ઉપર કેસ કરે છે. '' જેથી તે કહેલ કે, '' અમે બાતમી નથી આપતા'' ત્યારે મે કહેલ કે '' દારૂનો ધંધો અમે નથી કરતા, તમે કરો છો '' તો તેણે કહેલ કે, ''તારાથી થાય તે કરી લેજો''.અભલા ઉર્ફે શૌકતઅલી એ આઝાદના નંબર અકલો ઉર્ફે અકબરને આપતા, થોડીવારમા અકબરે આઝાદને મોબાઈલ ફોન ઉપર ધાક ધમકી આપેલ. તે વખતે હું બાજુમાં ઉભો હતો અને આ અકબરે જ ઉમર તથા શૌકતઅલી ને ઉશ્કેરતા, તેઓ બંને એ ભેગા મળી, આઝાદ તથા રજબ બંને બાઈકથી નીકળતા, આ બનાવને આજ રોજ સવારના દસેક વાગે અંજામ આપેલ છે. ''

- ફરીયાદીના ભત્રીજા આઝાદ અને રજતને અકબર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રાની ચઢામણી અને ઉશ્કેરણીથી ઉમર સુમાર બાફણ, શૌકતઅલી ઉર્ફે અલીયો બરકતઅલી પઠાણ નાઓ ભેગા મળી, ઉમર સુમારે આઝાદને પકડી રાખેલ અને શૌકતઅલી એ છરી વડે જીવલેણ ઘા કરેલ તેમજ રજબને પણ ભેગા મળી ગંભીર જીવલેણ ઈજા કરેલ અને તે ઈજાના કારણે ફરીયાદીના ભત્રીજા આઝાદનું મોત નિપજેલ તેવી હકીકત અનવરે તેમને કરેલ. જેથી ફરીયાદીએ તે અંગેની ફરીયાદ નોંધાવેલ.

## ૦૩. તપાસ અને ચાર્જશીટ :–

- ઉપરોકત ફરીયાદ દાખલ થતા, સદર ફરીયાદની તપાસ, પોલીસ ઈન્સ્પેકટર, પધ્ધર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા શ્રી સુરેન્દ્રસિંહ રવુભા જાડેજા ને સોંપવામાં આવેલ. તેઓ દ્વારા તપાસનાં કામે મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામું તેમજ અન્ય જરૂરી પંચનામાઓ કર્યા બાદ તપાસ દરમ્યાન ગુનો બનતો હોઈ, ફરીયાદીની ફરીયાદ લખી, તે મુજબનો ગુનો દાખલ કરાવેલ અને ત્યાર બાદ સદર ગુનાની તપાસ તેઓને મળતા, તપાસનાં કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, ગુના વાળી જગ્યાનું પંચનામું કરેલ અને અટક પંચનામાથી આરોપીઓને અટક કરેલ.

**Sessions Case No. 15/2021**

- તપાસ કરનાર અમલદારે તેમની તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબનું ચાર્જશીટ ભુજના ચીફ જયુડી. મેજી.શ્રી સમક્ષ રજૂ કરતા, તે ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૨૦ થી દાખલ કરવામાં આવેલ.

**૦૪. કમીટલ :–**

આ કામના તહોમતદારો વિરુદ્ધ ઉપરોકત મુજબનું ચાર્જશીટ રજૂ થતા વિ. ચીફ જયુડી.મેજી.શ્રી ભુજ ની અદાલત દ્વારા સી.આર.પી.સી. કલમ: ૨૦૭ અન્વયે તહોમતદારો ને ચાર્જશીટ તથા તમામ પેપર્સની નકલ વિના મૂલ્યે આપી, તહોમતદારો નું નિવેદન નોંધી, તહોમતદારો વિરુદ્ધના ગુન્હા અંગેની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતની હોય, સી.આર.પી.સી.કલમ: ૨૦૯ અન્વયે તા.૧૦–૦૨–૨૦૨૧ ના રોજ કેસ સેશન્સ કમીટ કરવામાં આવેલ.

**૦૫ <u>તહોમતનામુ–જવાબ</u> :**

સદરહુ ફોજદારી કેસ, સેશન્સ કમીટ થઈ આવતા, કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. તહોમતદારો વિરૂધ્ધ તા: ૨૮–૧૦–૨૦૨૧ ના રોજ સી.આર.પી.સી.કલમ–૨૨૮ અન્વયે આંક–૨૨ થી તહોમતનામું ફરમાવેલ, જે તહોમતનામું તહોમતદારો ને વાંચી, સંભળાવતા, તેઓએ તેની હકીકતોનો ઈન્કાર કરતા, આંક–૨૩ થી ૨૬ અન્વયે જવાબ નોંધવામાં આવેલ. ત્યાર બાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

**૦૬.** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | નામ | વિગત |
|---|---|---|---|
| ૦૧ | ૪૦ | મામદ સુલેમાન કકલ | ફરીયાદી |
| ૦૨ | ૪૨ | રજબ હુશેન કકલ | બનાવમાં ઈજા પામનાર સાહેદ |
| ૦૩ | ૪૩ | હુશેનભાઈ સુલેમાન કકલ | સાહેદ |
| ૦૪ | ૪૪ | સીધીક રમજુ લાડક | આંક–૪૫ ના ડીસ્કવરી પંચનામાના પંચ–૧ |
| ૦૫ | ૪૮ | નુરમામદ ઉમર લાડક | આંક–૪૫ ના ડીસ્કવરી પંચનામાના પંચ –૨ |
| ૦૬ | ૪૯ | અનવર આમદ ચંગલ | સાહેદ |
| ૦૭ | ૫૦ | શબ્બીર હુશેન કકલ | સાહેદ |

**Sessions Case No. 15/2021**

| | | | |
|---|---|---|---|
| ૦૮ | ૫૩ | અબ્દુલગની ખમીશા સમેજા | સાહેદ |
| ૦૯ | ૬૧ | હુશેન સુલેમાન મથડા | આંક–૬૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૧ |
| ૧૦ | ૬૩ | ઓસમાણ દાનાભાઈ મોકરશી | આંક–૬૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ નં.૨ |
| ૧૧ | ૬૪ | મુસ્તાક ઈબ્રાહિમ કકલ | આંક–૬૫ ના બનાવ વાળી જગ્યાના પંચનામાના પંચ નં.૧ |
| ૧૨ | ૭૫ | જાકબભાઈ સુમાર કકલ | આંક–૬૫ ના બનાવ વાળી જગ્યાના પંચનામાના પંચ નં.૨ |
| ૧૩ | ૭૬ | ઈમરાન અલીમોહમદ લાડક | આંક–૭૭ ના મરણ જનારના લોહી વાળા કપડા તથા ઈજા પામનારના કપડા કબજે કર્યાના પંચનામા। પંચ નં.૧ |
| ૧૪ | ૮૩ | કાસમ હુશેન પારા | આંક–૭૭ ના મરણ જનારના લોહી વાળા કપડા કબજે કર્યાના પંચનામા। પંચ નં.૨ |
| ૧૫ | ૮૪ | હારૂનભાઈ કાસમભાઈ કકલ | આંક–૮૫ ના આરોપીઓના અટક પંચનામાના પંચ નં.૧ |
| ૧૬ | ૮૭ | અસગરભાઈ ઈબ્રાહિમભાઈ કકલ | આંક–૮૫ ના આરોપીઓના અટક પંચનામાના પંચ નં.૨ |
| ૧૭ | ૮૯ | હસણ અમર સિયારિયા | આંક–૯૦ ના અકબર ઉર્ફે અકલો અબ્દુલક મ્યાત્રાને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ નં.૨ |
| ૧૮ | ૯૧ | મામદ મોડ કેવર | આંક–૯૦ ના અકબર ઉર્ફે અકલો અબ્દુલક મ્યાત્રાને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ નં.૧ |
| ૧૯ | ૯૨ | ગની ઈશા કકલ | આંક–૯૩ ના આરોપી ઉમર સુમાર બાફણ ના કબજામાંથી મોબાઈલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચ નં.૧ |
| ૨૦ | ૯૬ | અબ્દુલ યાકુબ કેવર | આંક–૯૩ ના આરોપી ઉમર સુમાર બાફણ ના કબજામાંથી મોબાઈલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચ નં.૨ |
| ૨૧ | ૯૭ | ઓસમાણ ફકીરમામદ પારા | આંક–૯૮ નાબનાવ સ્થળે લગાડેલ સીસીટીવી ફુટેજની સીડી કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૨૨ | ૧૦૦ | આમદ આધમ ચાકી | આંક–૧૦૨ ના મરણ જનાર તથા આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૨૩ | ૧૦૧ | આમદ બુઢા પારા | આંક–૧૦૨ ના મરણ જનાર તથા આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૨૪ | ૧૦૮ | રજાક હાજી ઈલીયાસ લુહાર | આરોપી નુરમામદ સુમાર બાફણને અટક કર્યાના પંચનામાના પંચ |

**Sessions Case No. 15/2021**

| | | | |
|---|---|---|---|
| ૨૫ | ૧૧૧ | અયુબ ભચુ કકલ | આરોપી નુરમામદ સુમાર બાફણને અટક કર્યાના પંચનામાના પંચ |
| ૨૬ | ૧૧૨ | ઉમરભાઈ અહમદભાઈ સુમરા | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| ૨૭ | ૧૧૪ | રામસિંહ વનવીર રાજપુત | બનાવ વાળી જગ્યાનો નકશો બનાવનાર સાહેદ |
| ૨૮ | ૧૧૮ | દિવ્યરાજસિંહ રઘુવીરસિંહ જાડેજા | આંક–૭૭ વાળુ પંચનામું કરનાર પોલીસ સાહેદ |
| ૨૯ | ૧૧૯ | પરવિંદ્રસિંગ દિલીપસિંગ ચૌધરી | મરણ જનાર તથા ઈજા પામનારના બ્લડ સેમ્પલ કબજે કરનાર પોલીસ સાહેદ |
| ૩૦ | ૧૨૦ | ભગવાનભાઈ શિવજીભાઈ રાઠોડ | મુદામાલ એફ.એસ.એલ. મધ્યે મોકલવાની કાર્યવાહી કરનાર પોલીસ સાહેદ |
| ૩૧ | ૧૨૪ | ડો.નેહાબેન કરશનભાસ બલવા | ઈજા પામનારાઓને તબીબી સારવાર આપનાર ડોકટર. |
| ૩૨ | ૧૩૩ | ભરતસિંહ નટવરસિંહ સોઢા | જીલ્લા મેજીસ્ટ્રેટ શાખાના કર્મચારી |
| ૩૩ | ૧૩૬ | ડો.પરેશભાઈ જયંતીલાલ મહેતા | આરોપી નં.૧ અને નં.ર ના તેમજ ઈજા પામનાર રજબ હુશેનનું બ્લડ સેમ્પલ લેનાર ડોકટર |
| ૩૪ | ૧૪૪ | દક્ષ સૂર્યપ્રકાશ કમલ | સાહેદ |
| ૩૫ | ૧૪૮ | સુરેન્દ્રસિંહ રવુભા જાડેજા | તપાસ કરનાર અમલદાર |

## દસ્તાવેજી પુરાવાઓ:–

| ક્રમ | આંક | રીફર કરવામાં આવેલ સાહેદ | દસ્તાવેજની વિગત |
|---|---|---|---|
| ૦૧ | ૪૧ | સાહેદ નં.૧ | ફરીયાદ |
| ૦૨ | ૪૫ | સાહેદ નં.૪ | ડીસ્કવરી પંચનામું |
| ૦૩ | ૪૬,૪૭ | સાહેદ નં.૪ | મુદામાલ પંચ સ્લીપો |
| ૦૪ | ૫૧ | સાહેદ નં.૭ | શબ્બીર હુશેન કકલનું સીઆરપીસી ૧૬૪ નું નિવેદન |
| ૦૫ | ૫૪ | સાહેદ નં.૮ | અબ્દુલગની અમીશા સમેજાનું સીઆરપીસી ૧૬૪ નું નિવેદન |
| ૦૬ | ૬૨ | સાહેદ નં.૯ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૦૭ | ૬૫ | સાહેદ નં.૧૧ | સ્થાનીક જગ્યાનું પંચનામું |
| ૦૮ | ૬૬ થી ૮૪ | સાહેદ નં.૧૧ | પંચ સ્લીપો |
| ૦૯ | ૭૭ | સાહેદ નં.૧૩ | મરણ જનાર તથા ઈજા પામનારના લોહી વાળા કપડા કબજે કર્યાનું પંચનામું. |

**Sessions Case No. 15/2021**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૭૮ થી ૮૨ | સાહેદ નં.૧૩ | મુદામાલ પંચ સ્લીપો |
| ૧૧ | ૮૫ | સાહેદ નં.૧૫ | આરોપી ઉમર સુમાર બાફણને અટક કર્યાનું પંચનામું |
| ૧૨ | ૮૬ | સાહેદ નં.૧૫ | મુદામાલ પંચ સ્લીપ |
| ૧૩ | ૯૦ | સાહેદ નં.૧૭ | આરોપી અકબરઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રાને અટક કર્યાનું પંચનામું |
| ૧૪ | ૯૩ | સાહેદ નં.૧૯ | આરોપી સુમાર બાફણના કબજામાંથી મોબાઈલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૫ | ૯૪ થી ૯૫ | સાહેદ નં.૧૯ | મુદામાલ પંચ સ્લીપો |
| ૧૬ | ૯૮ | સાહેદ નં.૨૧ | સીસીટીવી ફુટેજની સીડી બનાવી કબજે કર્યાનું પંચનામું |
| ૧૭ | ૯૯ | સાહેદ નં.૨૧ | પંચ સ્લીપ |
| ૧૮ | ૧૦૨ | સાહેદ નં.૨૨ | મરણ જનાર, આરોપીઓના બ્લડસેમ્પલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૯ | ૧૦૩ થી ૧૦૭ | સાહેદ નં.૨૨ | મુદામાલ પંચ સ્લીપો |
| ૨૦ | ૧૦૯ | સાહેદ નં.૨૪ | આરોપી નુરમામદ સુમાર બાફણને અટક કર્યાનું પંચનામું |
| ૨૧ | ૧૧૦ | સાહેદ નં.૨૪ | મુદામાલ પંચ સ્લીપ |
| ૨૨ | ૧૧૩ | સાહેદ નં.૨૬ | ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી |
| ૨૩ | ૧૧૫ | સાહેદ નં.૨૭ | ગુના વાળી જગ્યાનો નકશો બનાવવા માટેની યાદી |
| ૨૪ | ૧૧૬, ૧૧૭ | સાહેદ નં.૨૭ | ગુના વાળી જગ્યાનો નકશો તથા તે પો.સ.ને મોકલેલ તેની યાદી |
| ૨૫ | ૧૨૧ | સાહેદ નં.૩૦ | એફ.એસ.એલ. ની પહોંચ |
| ૨૬ | ૧૨૫ | સાહેદ નં.૩૧ | ઈજા પામનારનું એમ.એલ.સી. |
| ૨૭ | ૧૨૬ | સાહેદ નં.૩૧ | મરણ જનારની પી.એમ. |
| ૨૮ | ૧૨૭ | સાહેદ નં.૩૧ | પી.એમ. માટેની યાદી |
| ૨૯ | ૧૨૮ | સાહેદ નં.૩૧ | મૃત્યુ પ્રમાણપત્ર તથા પી.એમ. નોટ આપવા માટેની યાદી |
| ૩૦ | ૧૨૯ થી ૧ ૩૧ | સાહેદ નં.૩૧ | સર્ટી. આપવા માટેની યાદીઓ |
| ૩૧ | ૧૩૩ | સાહેદ નં.૩૨ | હથિયાર બંધીનું જાહેરનામું |
| ૩૨ | ૧૩૭, ૧૩૮ | સાહેદ નં.૩૩ | હોસ્પીટલ ધ્વારા પી.આઈ. પધ્ધર પો.સ્ટે.ને લખેલ યાદીઓ |

**Sessions Case No. 15/2021**

| | | | |
|---|---|---|---|
| ૩૩ | ૧૩૯ | સાહેદ નં.૩૩ | ઈજા પામનારને આપેલ સારવાર અંગેનું પેપર |
| ૩૪ | ૧૪૦ | સાહેદ નં.૩૩ | ડો.શ્રીએ નિવેદન માટે મરણોન્મુખ નિવેદન આપવા ઈજા પામનાર સક્ષમ છે તે અંગેનું પ્રમાણપત્ર |
| ૩૫ | ૧૪૫ | સાહેદ નં.૩૪ | સી.ડી. |
| ૩૬ | ૧૪૬ | સાહેદ નં.૩૪ | પ્રમાણપત્ર ( ભા.પુ.અ. નિ. ૬૫(બી)(૪) મુજબ) |
| ૩૭ | ૧૪૭ | સાહેદ નં.૩૪ | સી.ડી. |
| ૩૮ | ૧૪૯ | સાહેદ નં.૩૫ | ડેમોસ્ટ્રેશન પંચનામું |
| ૩૯ | ૧૫૦ | સાહેદ નં.૩૫ | જાણવા જોગ એન્ટ્રી |
| ૪૦ | ૧૫૧ | સાહેદ નં.૩૫ | પોલીસ સ્ટેશન એકઝીકયુટીવ મેજી. ને ડી.ડી. લેવા માટે લખેલ પત્ર |
| ૪૧ | ૧૫૨ | સાહેદ નં.૩૫ | મરણોતર તપાસનો રીપોર્ટ |
| ૪૨ | ૧૫૩ થી ૧૬૫ | સાહેદ નં.૩૫ | બ્લડ સેમ્પલ, મેડીકલ તપાસ માટેની યાદીઓ |
| ૪૩ | ૧૬૬, ૧૬૭ | સાહેદ નં.૩૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ તથા રવાનગી પત્રક |
| ૪૪ | ૧૬૮, ૧૬૯ | સાહેદ નં.૩૫ | સીરોલોજી અને બાયોલોજી પરીક્ષણ અહેવાલ |
| ૪૫ | ૧૭૦ થી ૧૭૧ | સાહેદ નં.૩૫ | સી.ડી.આર. |

**૦૭.** ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ, ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આંક- ૧૭૨ પુરશીશ રજુ કરી, તપાસવામાં આવેલ સાહેદો સિવાયના, બાકીના સાહેદોને ડ્રોપ કરી, આંક-૧૭૩ ની પુરશીશથી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

## ૦૮. <u>સી.આર.પી.સી.કલમ-૩૧૩ અન્વયેની કાર્યવાહી:-</u>

ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો પૂર્ણ થયા બાદ, તહોમતદારોનું સી.આર.પી.સી. કલમ- ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં દરેક તહોમતદારે ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. તેઓ નિર્દોષ હોય. જેથી છોડી મુકવા અરજ કરેલ છે. તહોમતદારો તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**૦૯.** આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**Sessions Case No. 15/2021**

**મુદ્દા નં.૧:** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણ જનાર આઝાદ હુશેન કકલનું મૃત્યુ અકુદરતી વધ છે ?

**મુદ્દા નં.૨:** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબિત કરે છે કે, ગત તા:૦૭–૦૯–૨૦૨૦ ના રોજ ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન આરોપી નં.૧ નાએ અન્ય આરોપીઓ સાથે કાવતરૂ ઘડી, કરેલ પ્લાન મુજબ મરણ જનાર આઝાદ હુશેન કકલનું મૃત્યુ નિપજાવવાના જ્ઞાન અને ઈરાદાથી મરણ જનાર ને છાતીના ભાગે છરીના જીવલેણ ઘા મારી મૃત્યુ નીપજાવેલ તેમજ સદરહુ ગુન્હાહિત કૃત્યમાં અન્ય આરોપીઓએ આરોપી નં.૧ ને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૨૦(બી),૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૩ :** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબિત કરે છે કે, ગત તા:૦૭–૦૯–૨૦૨૦ ના રોજ ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન આરોપી નં.૧ નાએ અન્ય આરોપીઓ સાથે કાવતરૂ ઘડી, કરેલ પ્લાન મુજબ ઈજા પામનાર રજબ હુશેન કકલની ઉપર છરીના જીવલેણ ઘા મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ, મૃત્યુ નિપજાવવાની કોશીશ કરેલ અને સદરહુ ગુન્હાહિત કૃત્યમાં અન્ય આરોપીઓએ આરોપી નં.૧ ને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૧૨૦(બી),૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૪ :** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે અને સચોટપણે સાબિત કરે છે કે, બનાવના દિવસે,સમયે અને તારીખે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ દ્વારા હથિયારબંધીનું જાહેરનામું ફરમાવવામાં આવેલ હોવા છતાં, આરોપીએ પ્રતિબંધીત હથિયાર સ્વરૂપ પથ્થર ધારણ કરી, જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા નો ભંગ કરી, ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૫ :** શુ હુકમ

**૧૦.** આ કામે ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**Sessions Case No. 15/2021**

**મુદ્દા નં. ૧ :** હકારમાં

**મુદ્દા નં. ૨ :** નકારમાં

**મુદ્દા નં. ૩ :** નકારમાં

**મુદ્દા નં. ૪ :** નકારમાં

**મુદ્દા નં. ૫ :** આખરી હુકમ મુજબ

**-:: કા ર ણો ::-**

**૧૧** ફરીયાદ પક્ષે વિ.એડી.પી.પી.શ્રી એસ.એ. મહેશ્વરી તેમજ આરોપીઓ તરફેના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

**મુદ્દા નં. ૧**

**૧૨.** ફરીયાદ પક્ષના કેસ મુજબ તા: ૦૭-૦૯-૨૦૨૦ ના રોજ કલાક: ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન ભુજ તાલુકાના કુકમા ગામે કમલ હોસ્પીટલ પાછળ, પંચર વાળી ગલીમાં આઝાદ હુશેન કકલનું મૃત્યુ થયેલ છે , તેવા સંજોગોમાં આ મૃત્યુ સાપરાઘ મનુષ્યવઘ છે કે કેમ ? તે બાબત સૌ પ્રથમ નકકી કરવી જરૂરી જણાય છે. સાપરાઘ મનુષ્યવઘ મુખ્ય બાબત છે તથા સાપરાઘ મનુષ્યવઘ જે ખૂન ગણાય તે તેનો એક હિસ્સો છે. માનવ સમાજમાં ખૂન એ અત્યંત ગંભીર પ્રકારનો ગુન્હો ગણાય છે. તમામ માનવહત્યા કરનાર ખૂની ગણાય નહિ. માનવસહજ વૃતિ, માનવસહજ મર્યાદા, માનવસહજ નબળાઈ, માનવસ્વભાવ તથા સંજોગો પ્રમાણેનું કુદરતી તથા માનવસહજ વર્તન કેન્દ્રસ્થાને રાખીને ખૂન તથા સાપરાઘ મનુષ્યવઘ જે ખૂન ન ગણાય તેની વ્યાખ્યા કરવામાં આવી છે. સાપરાઘ મનુષ્યવઘ જે ખૂન ગણાય અને સાપરાઘ મનુષ્યવઘ જે ખૂન ન ગણાય, તે વચ્ચે અત્યંત સૂક્ષ્મ ભેદરેખા છે અને કરવામાં આવેલ માનવહત્યા તે ખૂન છે તે સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ પર લાદવામાં આવી છે.

**૧૩.** ફરિયાદ પક્ષના કેસ આરોપી નં.૩ અને ૪ ની ઉશ્કેરણી તેમજ દરોવણી મુજબ, આરોપી નં.૨ વાળા કુકમા ગામે આવેલ કલમ હોસ્પીટલ પાછળ આવેલ પંચર વાળી ગલી માં ઉભા રહેલ અને આરોપી નં.૩ અને નં.૪ વાળા આઝાદ અને રજબ નીકળે તેની જાણ આરોપી નં.૧ અને નં.૨ કરે અને તે મુજબનું પ્લાન ઘડેલ અને તે પ્લાન મુજબ આઝાદ નીકળતા તેને આરોપી નં.૨ ના એ પકડી રાખેલ અને આરોપી નં.૧

ના એ છરીના જીવલેણ ઘા છાતીના ભાગે મારતા પડી ગયેલ અને તે સમયે ઈજા પામનાર રજબ વચ્ચે આવતા તેને પણ આરોપી નં.ર એ પકડી રાખેલ અને આરોપી નં.૧ એ મૃત્યુ નીપજાવવાના ઈરાદે છરીના જીવલેણ ઘા મરણ જનારના છાતીના ભાગે મારતા, તે બંને પૈકી આઝદ હુશેન કકલને ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નીપજેલ જયારે રજબને ગંભીર ઈજાઓ થયેલ હોવાની ફરીયાદ નોંધાયેલ.

**૧૪.** ફરીયાદ પક્ષે આંક–૬ર થી મરણ જનારનું ઈનકવેસ્ટ પંચનામું કરવામાં આવેલ છે અને સદરહુ પંચનામાની હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે આંક–૬૧ થી પંચ હુશેન સુલેમાન મથડા તેમજ આંક–૬૩ થી ઓસમાણ દાનાભાઈ મોકરશી નાઓને તપાસેલા છે. તેઓના પુરાવાને જોવામાં આવે તો આ પંચ સાહેદોના મૌખિક પુરાવા થકી તેઓએ આંક–૬ર ના પંચનામામાં માત્ર સહી કરેલ હોવાની હકીકત સ્પષ્ટ થતી હોય, આંક–૬ર ના ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો પૂરવાર થતી નથી, તેમ છતા પણ આંક–૬ર ના ઈન્કવેસ્ટ પંચનામા પરથી મરણ જનારનું મૃત્યુ તે સાપરાધ મનુષ્ય વધ છે કે કેમ? તે નકકી કરવું અત્રે આવશ્યક બની રહે છે અને તેથી આ લાશનું પોસ્ટમોર્ટમ કરનાર ડો. નેહાબેન કરશનભાઈ બલવાનો આંક–૧ર૪ થી નોંધવામાં આવેલ મૌખિક પુરાવો ઝીણવટભરી રીતે વંચાણે લેવો આવશ્યક બની રહે છે.

**૧૫.** આ સંદર્ભે સદરહુ તબીબી અધિકારીશ્રીના મૌખિક પુરાવાનું સમગ્ર રીતે પુરાવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓશ્રીએ આંક–૧ર૬ ની પી.એમ.નોટમાં જણાવેલ ઈજા મરણજનારના વાઈટલ પાર્ટ (ફેફસા અને હૃદય)માં વધારે પ્રમાણ માં લોહી વહી જવાના કારણે શોક લાગવાથી થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. સામાન્ય રીતે તબીબી અધિકારી એ એક સ્વતંત્ર વ્યકિત ગણી શકાય. આવા અધિકારી ના તો ફરિયાદ પક્ષને ઓળખતા હોય છે કે ના તો તહોમતદારોને. તેઓને કોઈ પણ પક્ષ પ્રત્યે તરફદારી કરવાનું કોઈ કારણ રહેતુ ન હોય, તેઓનો મૌખિક પુરાવો તટસ્થ માનવાને કારણ રહે છે અને તેથી તેઓના મૌખિક પુરાવા પર આધાર રાખી કોઈ પણ નિર્ણય પર આવી શકાય તેમ છે.

**૧૬.** આમ, મરણ જનાર આઝાદ હુશેન કકલનું મૃત્યુ તેઓના વાઈટલ પાર્ટ (ફેફસા અને હૃદય) માં વધારે પ્રમાણમાં લોહી વહી જવાના કારણે શોક લાગવાથી થયેલ હોવાનો જે અભિપ્રાય આ તબીબી અધિકારી

શ્રીએ આપેલ છે તેને તથા આંક –૧૨૬ ની પી.એમ. નોટને ન માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં તબીબ સાહેદને અદાલતના રેકર્ડમાંથી આર્ટીકલ નં.૧૭ વાળી છરી બતાવવામાં આવતા તે જોઈને તેઓએ જણાવેલ છે કે તેના વડે ઉપરોકત મરણ જનારને થયેલ ઈજાઓ થઈ શકે. આમ, તબીબી અધિકારીશ્રીનો મૌખિક પુરાવો તથા પી.એમ. નોટ વંચાણે લેતા મરણ જનારનું મૃત્યુ કુદરતના સામાન્ય ક્રમ મુજબનું કુદરતી નથી પરંતુ, અકુદરતી રીતે થયેલ મૃત્યુ છે. આ મૃત્યુ કોણે અને કેવી રીતે નીપજાવ્યું, તે પુરાવાનો વિષય છે પરંતુ, રજૂ થયેલ તમામ પુરાવાના આધારે આ મરણ જનારનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે તેવું સ્પષ્ટપણે રેકર્ડ પર ઉપસ્થિત થયેલ હોય, મુદા નં. ૧ નો નિર્ણય **હકારાત્મક** આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨ થી ૩ :–**

મુદ્દા નં. ૨ અને નં. ૩ એકબીજા ઉપર આધારીત હોય, પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર અત્રે બંને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

**૧૭.** ફરીયાદ પક્ષ તરફથી આ કામના આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના સાક્ષીઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**૧૮. <u>ફરીયાદીનો પુરાવો :–</u>**

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૪૦ થી ફરીયાદી મામદ સુલેમાન કકલ ને તપાસવામાં આવેલ છે. તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, એકાદ–બે વર્ષ પહેલા બનાવ બનેલ તે સમયે તેઓ તેમના ઘેર હતા અને કોઈ અજાણ્યા ઈસમે સવારના દસેક વાગે ફોન કરી જણાવેલ કે, તેમના ભત્રીજા આઝાદ લોહી લુહાણ હાલતમાં કુકમા ગામની કમલ હોસ્પીટલ પાસે મળેલ છે. જેથી તેઓ તેમની મોટર સાયકલથી ત્યાં જવા નીકળેલ અને રસ્તામાં હાસમ સાલેમામદ અને અનવર આમદ મળેલ. તેઓને સાથે લઈ બનાવ વાળી જગ્યાએ ગયેલ. ત્યાં ફરીયાદીનો ભત્રીજો આઝાદ લોહી લુહાણ હાલતમાં બેભાન હાલતમાં પડેલ હતો અને તેની બાજુમાં તેમની બીજો ભત્રીજો રજબ હુશેન લોહી લુહાણ હાલતમાં પડેલ હતો અને તે પણ બેહોશ હતો. તેઓએ તેના ભત્રીજા આઝાદ તથા રજબને સારવાર માટે ભુજ જી.કે.જનરલ હોસ્પીટલ લઈ ગયેલ ત્યાં આઝાદ મરણ પામેલ અને રજબની સારવાર ચાલુ કરાવેલ.

➢ વધુમાં ફરીયાદીને અદાલતના રેકર્ડમાંથી આંક–૪૧ વાળી ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

➢ ફરીયાદીએ તેમનાં પુરાવામાં તેઓએ પોલીસને કોઈ પંચનામું લખાવેલ હોય, બનાવ વાળી જગ્યા તેઓએ પોલીસને બતાવેલી હોય અને પોલીસે તે જગ્યાનું તેઓની હાજરીમાં પંચનામું કરેલ હોય કે બનાવ વાળી જગ્યાએથી કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદીએ તેમનાં પુરાવામાં તેમના ભત્રીજા આઝાદ તથા રજબ ને કોઈ ઈસમોએ કોઈ હથિયારથી ઈજા કરેલી હોય અને તેના કારણે તેમનો ભત્રીજો આઝાદ મરણ ગયેલ હોય અને રજબને ઈજાઓ થયેલ હોય તેવું બનેલ નથી કે તે અંગેની કોઈ જાણ પણ તેમને થયેલ નથી.

➢ વધુમાં ફરીયાદીને પુરાવા સમયે અદાલતના રેકર્ડમાંથી આર્ટીકલ નં. ૧ થી ૯ વાળી માટી, ચંપ્પલ, આર.સી.બુક, મોટર સાયકલની ચાવી જે સીલ ખોલી બતાવાવમાં આવતા તે જોઈને જણાવેલ છે કે આવો કોઈ મુદામાલ પોલીસે તેઓની હાજરીમાં કબજે કરેલ હોય તેવું બનેલ નથી તેમજ મુદામાલ આર્ટીકલ નં. ૧૧ થી ૧૫ વાળા કપડા જે સીલ ખોલીને બતાવવામાં આવતા તે કપડા બનાવ સમયે તેમના ભત્રીજાઓએ પહેરેલ હતા તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.

➢ ફરીયાદીએ બચાવ પક્ષના વિ.વ.શ્રી ના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેમને ફોન આવેલ ત્યારે તેમના ભત્રીજાઓ જમીન ઉપર લોહી લુહાણ હાલતમાં પડેલ હતા ત્યારે તેઓ ગયેલા , તેમજ તેઓને જાણ કરનાર વ્યકિત કોણ હતી તેની તેમની ખબર નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેઓ **<u>બનાવ વાળા સ્થળે તેમના ભત્રીજાઓ લોહી લુહાણ હાલતમાં બેહોશ પડેલ હતા અને ત્યાં કોઈ વ્યકિત હાજર ન હતી.</u>** એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેઓ હોસ્પીટલે પહોચ્યા ત્યારે તેમના ભત્રીજાને અજાણ્યા વ્યકિતએ માર મારેલ છે, પરંતુ કોણે મારેલ તેની તેમને ખબર નથી તેવી તેઓએ જાણ કરેલ. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેમનો ભત્રીજો રજબ બેહોશ હાલતમાં હતો તેથી તેની સાથે કોઈ વાતચીત થયેલ નહિ. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને પોલીસે લખેલ કાગળમાં સહી લીધેલી, તેમાં શું લખેલ તેની તેમને ખબર નથી.

**૧૯. <u>બનાવમાં ઈજા પામનાર સાહેદનો પુરાવો</u> :-**

➢ ફરીયાદ પક્ષે આંક-૪ર થી સાહેદ નં. ર તરીકે રજબ હુશેન કકલને સોગંદ ઉપર તપાસેલા છે. સદરહુ સાહેદ ફરીયાદ પક્ષના કેસ મુજબ આક્ષેપીત બનાવમાં ઈજા પામનાર સાહેદ છે. તેઓએ તેમનાં પુરાવામાં જણાવેલ છે કે, દોઢેક વર્ષ પહેલા બનાવ બનેલ તે સમયે તેઓ અને તેમના ભાઈ આઝાદ તેમની મોટર સાયકલથી ઘરેથી કાકાના ઘેર કુકમા

નવા વાસ તરફ જતા હતા ત્યારે તેઓ કાકાના ઘરે જવાના બદલે તેઓ અનવરભાઈના ઘરે જતા હતા ત્યારે સવારના આશરે દસેક વાગે કમલ હોસ્પીટલની બાજુમાં તેઓને કોઈ અજાણ્યા વાહને ટકકર મારતા તેઓની મોટર સાયકલ ફંગોળાઈ ગયેલ અને તેમને પેટમાં વાગેલ. તેમના ભાઈ આઝાદને છાતીમાં ઈજાઓ થવાથી તેઓ બંને જણા લોહી લુહાણ હાલતમાં જમીન ઉપર પડી ગયેલ. બાદ થોડા સમય રહી સાહેદના કાકા મામદ સુલેમાન તથા તેની સાથે હાસમ સાલેમામદ અને અનવર ચંગલ આવી ગયેલ અને તેઓને સારવાર માટે ભુજ જનરલ હોસ્પીટલમાં લઈ ગયેલ.

➢ વધુમાં સદર ઈજા પામનાર સાહેદે જણાવેલ છે કે, તેઓ બંને ભાઈઓ મોટર સાયકલથી પડી જતા તેમના ભાઈ આઝાદ બેભાન થઈ ગયેલ અને તેઓ પણ કંઈ બોલી શકતા ન હતા તે સિવાય બીજુ કંઈ બનેલ નહિ.

➢ વધુમાં સદર સાહેદ ઈજા પામનારે જણાવેલ છે કે, તેઓએ ડોકટરને કોઈ હિસ્ટ્રી જણાવેલ હોય તેવુ બનેલ નથી કારણ કે તે સમયે તેઓ બેભાન હાલતમાં હતા. **<u>તેઓ ને કે તેમના ભાઈને કોઈ ઈસમોએ કોઈ હથિયાર વડે ઈજાઓ કરેલી હોય તેવું બનેલ નથી કે પુરાવા સમયે હાજર આરોપીઓએ તેમના ભાઈઓ ઉપર કોઈ હથિયારથી હુમલો કરેલ હોય અને તેના કારણે તેમને ઈજા થયેલ હોય અને તેમના ભાઈ આઝાદ મરણ ગયેલ હોય તેવું બનેલ નથી.</u>**

➢ ઈજા પામનાર સાહેદને અદાલતનાં રેકર્ડમાથી આર્ટીકલ નં.૧૧ થી ૧૫ બતાવવામાં આવતા તેવા કોઈ કપડા બનાવ સમયે તેઓએ પહેરેલ હોય કે પોલીસને આપેલા હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે, તેમજ **<u>આર્ટીકલ નં.૧૭ વાળી છરી સીલ બંધ હોઈ તે ખોલીને બતાવવામાં આવતા તે છરીથી આરોપીઓએ તેઓની ઉપર હુમલો કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.</u>**

➢ ઈજા પામનાર સાહેદે બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, **<u>હાલના આરોપીઓએ તેમને કે તેમના ભાઈ આઝાદને કોઈ ઈજા પહોચાડેલ નથી</u>**, તેઓ તા: ૧૦–૦૯–૨૦૨૦ ના ભાનમા આવેલ તે પહેલા બેભાન અવસ્થામાં હતા, પોલીસે તેમના અંગુઠાનું નિશાન કાગળોમાં લીધેલ, તેમાં શું લખેલ તેની તેમને ખબર નથી, હાલનાં આરોપી ઓના નામ તેઓએ પોલીસને આપેલા નથી કે કોઈ હકીકત તેઓ એ પોલીસને જણાવેલ નથી, બનાવ સમયે તેઓની કોઈ પણ વ્યકિત સાથે કોઈ વાતચીત થયેલ નથી, તેમને કે તેમના ભાઈને મારી નાખવા માટે કોઈ પણ આરોપીએ ઉશ્કેરણી કરેલ ન હતી કે તેવું

તેઓએ કયાંય પણ લખાવેલ નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે,**<u>બનાવ વાળા સ્થળે તેઓ તેમના ભાઈ આઝાદ બંને જણા હતા તે સિવાય ત્યાં કોઈહાજર ન હતું તેમજ કોણ હોસ્પીટલે લઈ ગયેલ તેની તેમને ખબર નથી.</u>**

**૨૦. <u>સ્વતંત્ર સાહેદોનો પુરાવો</u> :–**

**૨૦.૧** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૪૩ થી હુશેનભાઈ સુલેમાન કકલને તપાસેલ છે. સદરહુ સાહેદ મરણ જનાર અને ઈજા પામનારના પિતા થાય છે. તેઓના પુરાવાને જોવામાં આવે તો તેઓને ફોન આવેલ હતો કે, આઝાદ તેમજ રજબને ઈજાઓ થયેલ અને હોસ્પીટલ લઈ આવેલ છીએ. જેથી સાહેદ ભુજ જી.કે.જનરલ હોસ્પીટલે ગયેલા છે અને જયા તેમના પુત્ર આઝાદનું અવસાન થયેલ હતું તેમજ રજબને ઈજાઓ થવાના કારણે તે બેહોશ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ આ સાહેદને બનાવમાં તેમના પુત્રો ને કોણે ઈજા કરેલ તે બાબતે લઈ આવનાર તેમના ભાઈને પુછપરછ કરેલ પરંતુ તેને પણ કોઈ માહિતી ન હોવાની હકીકત જણાવેલ છે. આ સાહેદે ઈન્કાર કરેલ છે કે તેમના પુત્ર આઝાદે તેઓને કે તેમની પત્નિની હાજરીમાં એવી હકીકત જણાવેલ કે શૌકતઅલી સાથે બોલાચાલી અને મારામારી થયેલ અને અકબરે ફોન પર ગાળો આપેલ અને ધમકી આપેલ છે અને તે વખતે તેઓએ અને તેમની પત્નિએ ઝઘડો નહી કરવા જણાવેલ. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે તેમના પુત્ર રજબ અને આઝાદને શૌકકતઅલી તેમજ ઉમર સુમાર એ માર મારેલ છે તેવી હકીકત તેમને પાછળથી જાણવા મળેલ.

સાહેદે બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેમને ફોન આવેલ તેમાં તેમના પુત્રોને કઈ રીતે ઈજા થયેલ અને કોણે ઈજા કરેલ તેવું તેમને કોઈએ જણાવેલ નહિ, હાલના આરોપી ઓનું કોઈએ તેમને નામ આપેલ નથી કે તેઓએ કોઈને તેમના નામ લખાવેલ નથી.

**૨૦.૨** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૬ તરીકે આંક–૪૯ થી અનવર આમદ ચંગલને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદના પુરાવાને જોવામાં આવે તો બે વર્ષ પહેલા બનાવ બનેલ હતો અને ત. સમયે તેઓ ઘેર હતા ત્યારે ગલીમાં લોકો ભેગા થયેલ હોય તેઓ ત્યાં જતા બે ઈસમો લોહી લુહાણ હાલતમાં પડેલ હતા. જેમાં એક રજબ અને બીજા આઝાદ હતા તે બંને બેહોશ હાલતમાં હતા અને તેઓએ છકડામાં ભુજ જી.કે.જનરલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ આવેલ. પરંતુ આ બનાવમાં બંને ઈજા પામનારને કોણે ઈજાઓ કરેલ

તે તેઓએ જોયેલ નથી કે પાછળથી પણ તેઓને કંઈ જાણ થયેલ નથી. પરંતુ આઝાદ ગુજરી ગયેલ તેને પાછળથી જાણ થયેલ હોવાનું જણાવેલ છે.

સદર સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકૃત થયેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ ઈજા પામનાર ને કોણે ઈજા કરેલી તે તેને પાછળથી પણ જાણવા મળેલ નથી.

**૨૦.૩** ફરીયાદ પક્ષે સાહેદ નં. ૭ તરીકે આંક–૫૦ થી શબ્બીર હુશેન કકલને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદના પુરાવાને જોવામાં આવે તો તેઓ પણ બનાવ સમયે તેમના ઘેર હતા. પરંતુ બનાવ બાબતે તેઓને કોઈ જાણકારી નથી. બનાવમાં આઝાદ તેમજ રજબ ને કોણે ઈજા કરેલી તે બાબતેની કોઈ જાણ તેમને પાછળથી પણ થયેલ ન હોવાનું કથન કરેલ છે. સદરહુ સાહેદે આંક–૫૧ ના નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેમજ તેમના ભાઈઓને કોણે કઈ રીતે ઈજા કરેલ તે તેઓએ નજરે જોયેલ નથી તેમજ પાછળથી પણ કોઈએ મારનાર વ્યકિતોના નામ તેમને આપેલા નથી કે તેઓ કોઈ જગ્યાએ નામ લખાવેલ નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે નામદાર કોર્ટમાં તેઓનું નિવેદન નોંધેલ તેમાં પોલીસે જે તેમને હકીકતો જણાવેલ હતી તે પ્રમાણે તેઓએ લખાવેલ તેમજ તેઓએ સરતપાસમાં જે હકીકતો જણાવેલી તે ખરી છે.

**૨૦.૪** ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ તરીકે આંક–૫૩ થી અબ્દુલગની ખમીશા સમેજા ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદના પુરાવાને જોવામાં આવે તો તેઓને ગની ઈશા કકલનો ફોન આવેલ હતો અને સાંજના ઘરે બોલાવતા, તેઓ ઘેર જતા હતા ત્યારે રસ્તામાં કુકમા ગામના ભુત બંગલા પાસે સાંજના સાતેક વાગે કમલ હોસ્પીટલ પાસે પહોચેલ ત્યારે રસ્તામાં તેમના મિત્ર આઝાદ હુશેન કકલ તથા રજબ હુશેન કકલ જમીન ઉપર લોહી લુહાણ હાલતમાં પડેલ હતા અને બાજુમા તેની મોટર સાયકલ રોડ પર પડેલ હતી. જેથી તેઓએ તેમના કુટુંબી કાકા મામદ સુલેમાન કકલને ફોન કરતા તેઓ આવી જતા તેઓને સારવાર માટે ભુજ લઈ ગયેલા. બાદ સાહેદને જાણવા મળેલ કે આઝાદનું મરણ થયેલ છે અને રજબની સારવાર ચાલુ છે. તે સીવાય તેઓએ કંઈ જોયેલ નથી.

સદર સાહેદે પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, **બનાવ સમયે કોઈ આરોપીઓએ તેમના મિત્ર આઝાદ કે રજબને માર મારેલ હોય કે છરીથી ઈજા કરેલ હોય તેવું તેઓએ જોયેલ નથી.** બનાવ સમયે તેઓએ આરોપીઓ પાસે કોઈ હથિયાર

જોયેલ ન હોવાથી તેઓ આ કામે કોઈ હથીયાર ઓળખી શકે નહિ, બનાવ સમયે આઝાદ અને રજબ એ કયા કપડા પહેરેલ હતા તે પણ હાલ તેઓ કહી શકે નહિ અને તેવા કપડા તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહિ. સદર સાહેદને પુરાવા સમયે આંક-૫૪ નું નિવેદન બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, કોર્ટમાં પોલીસ તેમને લઈ આવેલ તે સમયે પોલીસે જે પ્રમાણે હકીકતો લખેલ હતી તે પ્રમાણે કોર્ટમાં લખાવવાની છે તેવું જણાવેલ તેથી તેઓએ તે મુજબ લખાવેલ, આઝાદ તેમજ રજબને કોણે ઈજાઓ કરેલી તેની તેમની કોઈ અંગત માહિતી નથી, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, પાછળથી પણ તેમને મારનાર વ્યકિત ઓના નામ કોઈએ જણાવેલ નથી. **<u>સાહેદને કોર્ટ દ્વારા આંક-૫૪ ના સ્ટેટમેન્ટ કે જે મેજીસ્ટ્રેટ સમક્ષ લેવામાં આવેલ હતું તે બાબતે પુછવામાં આવતા તે સબંધે તેઓએ જણાવેલ કે, હાલ તેઓ બોલે છે તે સાચુ બોલે છે. મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ જે લખાવેલ તે પોલીસ વાળાના કહેવાથી લખાવેલ.</u>**

**૨૦.૫** આમ, ઉપરોકત સાહેદો કે જેઓ ફરીયાદ પક્ષે સ્વતંત્ર સાહેદો ગણી શકાય, પરંતુ તેઓએ ઉપરોકત જણાવેલ હકીકતો મુજબ બનાવ નજરે જોયેલ હોય તેવું જણાતું નથી. વધુમાં સાહેદોના પુરાવાથી એ હકીકત જણાય છે કે, બનાવ સ્થળે મરણ જનાર આઝાદ અને ઈજા પામનાર રજબ લોહી લુહાણ હાલતમાં પડેલ હતા, પરંતુ તેઓ બંનેની લોહી લુહાણ હાલત હાલનાં આરોપીઓએ કરેલ હતી કે હાલનાં આરોપીઓ પૈકી કોઈ આરોપી ને તેવી હાલત કરતા જોયેલ હતા તેવો પુરાવો આપેલ નથી. **<u>વધુમાં આંક-૫૦ અને આંક-૫૩ ના સાહેદોએ આંક-૫૧ અને આંક-૫૪ ના સીઆરપીસી-૧૬૪ ના નિવેદન માં જે હકીકતો જણાવેલી તે પોલીસના કહેવાથી મેજીસ્ટ્રેટ સમક્ષ જાહેર કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ સદરહુ બંને સાહેદોએ અદાલત સમક્ષ સોગંદ ઉપર જે પુરાવો આપેલ છે તે સત્ય હોવાનું જણાવેલ છે.</u>** આમ, સદરહુ સાહેદોના પુરાવામાં વિશ્વસનીયતા જણાઈ આવતી નથી.

**૨૦.૬** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩૪ તરીકે આંક-૧૪૪ થી દક્ષ સૂર્યપ્રકાશ કમલ ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદ આક્ષેપીત બનાવ જે હોસ્પીટલ પાસે બનેલ તે હોસ્પીટલના વહિવટકર્તા છે. તેઓએ તેમનાં પુરાવામાં જણાવેલ છે કે, તા: ૭-૯-૨૦૨૦ ના રોજ પધ્ધર પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી તેમની પાસે આવેલ અને તેઓની હોસ્પીટલમા લગાડેલા સીસીટી કેમેરાના કુટેજ તા:૦૭-૦૯-૨૦૨૦ ના રોજના બતવણી

કરવા માટે જણાવતા અને સીસીટીવી ફુટેજની સીડી આપવાનું જણાવેલ. જેથી તેઓએ તેમની કમલ હોસ્પીટલમા લગાડેલ સીસીટીવી ફુટેજ તા: ૦૭–૦૯–૨૦૨૦ ના કલાક: ૧૦:૦૦ થી ૧૦:૩૦ સુધીની સીડી બનાવી પોલીસને આપેલ અને સદર સીસીટીવી ફુટેજ જોતા એક વ્યકિત મોટર સાયકલથી તેમની હોસ્પીટલ સામે આવેલ અને થોડી વાર પછી તેમની હોસ્પીટલની બાજુની ગલીમાં ગયેલ અને ત્યાથી પરત દોડતો દોડતો પરત આવેલ તે જોવા મળેલ. સાહેદને અદાલતનાં રેકર્ડમાં આર્ટીકલ નં.૨૩ વાળી સી.ડી.બતાવવામાં આવતા તે સીડી તેઓ એ પોલીસને આપેલ તે જ હોવાનું જણાવેલ છે અને તે સીડી આંક–૧૪૫ થી રજુ કરવામાં આવેલ છે. (પુરાવા દરમ્યાન સદરહુ સીડી લેપટોપમાં પ્લે કરાવવામાં આવેલ પરંતુ તે બ્લેન્ક હતી ) વધુમાં આંક–૧૪૬ વાળુ પ્રમાણપત્ર કે જે પુરાવા અધિનિયમ ની કલમ– ૬૫(બી) અન્વયે તેઓએ પોલીસને આપેલ તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

ત્યાર બાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા ફરીથી સાહેદના કોમ્પ્યુટરમાં સ્ટોરેજ રાખવામાં આવેલ ડેટાની સીડી બનાવવામાં આવેલ અને તે આંક–૧૪૭ વાળી સીડી પ્લે કરી બતાવવા માં આવતા તેમાં દેખાતા દૃશ્યો તેઓની હોસ્પીટલના સી.સી.ટીવી ના ફુટેજમાંથી મેળવવામાં આવેલા તે જ હોવાનું જણાવેલ છે

સદરહુ સાહેદે બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે,તેઓને જે સી.ડી. પ્લે કરી બતાવવામાં આવેલી તે પહેલી વખતે કોર્ટમાં જોયેલી અને પોલીસે સર્ટીફિકેટમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ હતી તેમજ પોલીસે જે સી.ડી.કબજે કરેલ તે તેમને પ્લે કરીને બતાવેલ ન હતી.

**૨૧. <u>સરકારી સાહેદનો પુરાવો</u> :–**

**૨૧.૧** ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૬ તરીકે આંક–૧૧૨ થી ઉમરભાઈ અહમદ ભાઈ સુમરાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે જણાવેલ છે કે, તા:૦૭–૦૯–૨૦૨૦ ના રોજ તેઓ ભુજ મધ્યે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ પર હતા. દરમ્યાન પધ્ધર પોલીસ સ્ટેશનેથી જાણવા જોગ એન્ટ્રી નં.૬૧/૨૦૨૦ ના કામે મરણ જનાર આજાદ હુશેન કકલની લાશ જી.કે.જનરલ હોસ્પીટલ મધ્યે પડેલ હોય, પી.એસ.આઈ. પધ્ધર પોલીસ સ્ટેશન ધ્વારા ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી મળેલ, જે અનુસધાને તેઓએ પી.એસ.આઈ. ને ઘટતી કાર્યવાહી કરવા માટે પરત મોકલેલ,

જે આંક–૧૧૩ વાળી યાદી બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેથી વિશેષ કોઈ હકીકત તેઓએ તેમના પુરાવામાં જણાવેલ નથી.

**૨૧.૨** ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૭ તરીકે આંક–૧૧૪ થી રામસિંહ વનવીર રાજપુત ને તપાસવામાં આવેલ છે.સદરહુ સાહેદ મામલતદાર કચેરી, ભુજ મધ્યે સર્કલ ઓફિસર તરીકેની ફરજ પર હતા ત્યારે પધ્ધર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૭૦૪/૨૦૨૦ ના કામે બનાવ વાળી જગ્યાનો નકશો બનાવવા માટેની યાદી મળતા, તેઓએ તે અનુસંધાને તા: ૨૧–૧૦–૨૦૨૦ ના રોજ બનાવ વાળી જગ્યાએ ગયેલા અને તે જગ્યાનો રફ સ્કેચ તૈયાર કરી, તે નકશો તા: ૦૬–૧૧–૨૦૨૦ ના રોજ યાદી સાથે પધ્ધર પોલીસ સ્ટેશને તરફ મોકલી આપેલ. જે આંક–૧૧૬ નો નકશો બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

**૨૨.** **<u>પંચ સાહેદોનો પુરાવો</u> :–**

- ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૪૪ થી પંચ સીદીક રમજુ લાડક ને તેમજ સાહેદ નં.૫ તરીકે આંક–૪૮ થી પંચ નુરમામદ ઉમર લાડકને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ બંને પંચો આંક–૪૫ ના ડીસ્કવરી પંચનામાનાં પંચો છે. સદર બંને પંચોના પુરાવાને જોવામાં આવે તો તેઓએ તેમનાં પુરાવામાં આંક–૪૫ ના ડિસ્કવરી પંચનામામાં તેમજ આંક–૪૬ અને આંક–૪૭ ની મુદામાલ પંચ સ્લીપોમાં તેઓની સહી કર્યાથી વિશેષ કોઈ પુરાવો આપેલ ન હોય, ફરીયાદ પક્ષે સદર બંને પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસ ને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેઓની એક તૈયાર લખાણમાં સહી લીધેલ તે સીવાય તેઓને કાંઈ ખબર નથી.
- ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૬૧ થી પંચ હુશેન સુલેમાન મથડા ને તેમજ સાહેદ નં.૧૦ તરીકે આંક–૬૩ થી પંચ ઓસમાણ દાનાભાઈ મોકરશી નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. સદરહુ પંચો આંક–૬૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદો છે. સદરહુ પંચ સાહેદોના પુરાવાને જોતા તેઓએ આંક–૬૨ ના પંચનામામાં સહી કર્યાથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ, તેમાં શું લખેલ તે તેઓએ વાંચેલ નહિ.

**Sessions Case No. 15/2021**

- ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક–૬૪ થી પંચ મુસ્તાક ઈબ્રાહિમ કકલ ને તેમજ સાહેદ નં.૧૨ તરીકે આંક–૭૫ થી પંચ જાકબભાઈ સુમાર કકલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદો આંક–૬૫ ના બનાવ વાળી જગ્યાના તેમજ બનાવ સ્થળેથી કબજે કરેલ મુદામાલ અંગેના પંચનામાના પંચો છે. પંચ સાહેદોના પુરાવા ને જોતા તેઓએ આંક–૬૫ ના બનાવ વાળી જગ્યાના તેમજ આંક–૬૬ થી ૭૪ ની મુદામાલ પંચ સ્લીપોમાં તેમની સહી ઓળખી બતાવ્યાથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહીલીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.
- ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક–૭૬ થી પંચ ઈમરાન અલીમદહમદ લાડક તેમજ સાહેદ નં. ૧૪ તરીકે આંક–૮૩ થી પંચ કાસમ હુશેન પારા ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહુ પંચ સાહેદો આંક–૭૭ ના મરણ જનાર અને ઈજા પામનારના કપડા કબજે કરેલ હોવાના પંચનામાના પંચ સાહેદો છે. સદરહુ પંચ સાહેદોના પુરાવાને જોતા તેઓએ આંક–૭૭ ના મરણ જનાર અને ઈજા પામનારના કપડા કબજે કર્યાના પંચનામામાં તેમજ આંક–૭૮ થી ૮૨ ની મુદામાલ પંચ સ્લીપોમાં તેમની સહી ઓળખી બતાવ્યાથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહીલીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.
- ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક–૮૪ થી પંચ હારૂનભાઈ કાસમભાઈ કકલ તેમજ સાહેદ નં.૧૬ તરીકે આંક–૮૭ થી પંચ અસગરભાઈ ઈબ્રાહિમભાઈ કકલનાઓ ને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો આંક–૮૫ ના આરોપીઓના અટક પંચનામાના તેમજ પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાનાં પંચ સાહેદો છે. સદરહુ પંચ સાહેદોના પુરાવા ને જોવામાં આવે તો તેઓએ તેમના પુરાવામાં આંક–૮૫ ના અટક પંચનામામાં તેમજ આંક– ૮૬ ની પંચ સ્લીપમાં તેઓની સહી ઓળખી બતાવ્યાથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે.ત્યારબાદ

વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ વ્યકિતની અટક કરેલ હોય કે તેમની પાસેથી કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–૮૯ થી પંચ હસણ અમર સિચારીયા ને તેમજ સાહેદ નં.૧૮ તરીકે આંક–૯૧ થી પંચ મામદ મોડ કેવરને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો આંક–૯૦ ના આરોપી અકબર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રાના અટક પંચનામાના મુદામાલ કબજે કર્યાનાં પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક–૯૦ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે .તેથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે.ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ વ્યકિતની અટક કરેલ હોય કે તેમની પાસેથી કોઈ વસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૯ તરીકે આંક–૯૨ થી પંચ ગની ઈશા કકલને તેમજ સાહેદ નં.૨૦ તરીકે આંક–૯૬ થી પંચ અબ્દુલ યાકુબ કેવરને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો આંક–૯૩ ના આરોપી ઉમર સુમાર બાફણ પાસેથી મોબાઈલ તેમજ મો.સા. કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક–૯૩ ના પંચનામામાં તેમજ આંક–૯૪ અને આંક–૯૫ ની મુદામાલ પંચ સ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે .તેથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે.ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી.

તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૧ તરીકે આંક–૯૭ થી પંચ ઓસમાણ ફકીરમામદ પારાને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદ આંક–૯૮ ના બનાવ વાળા સ્થળ નજીક કલમ હોસ્પીટલમાં લગાડેલ સીસીટીવી કેમરાની બનાવેલ સીડી કબજે કર્યાનાં પંચનામાના પંચ

સાહેદ છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક-૯૮ ના પંચનામામાં તેમજ આંક-૯૯ ની પંચ સ્લીપમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૨ તરીકે આંક-૧૦૦ થી પંચ આમદ આઘમ ચાકી ને તેમજ સાહેદ નં.૨૩ તરીકે આંક-૧૦૧ થી પંચ આમદ બઢા પારાને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો આંક-૧૦૨ ના મરણ જનાર, ઈજા પામનાર તેમજ આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક-૧૦૨ ના પંચનામામાં તેમજ આંક-૧૦૩ થી આંક-૧૦૭ અન્વયે મુદામાલ પંચ સ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય,ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદ ને ફરી ગયેલા જાહેર કરેલા છે. ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષ ના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

➢ ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૪ તરીકે આંક-૧૦૮ થી પંચ રજાક હાજી ઈલીયાદ લુહાર ને તેમજ સાહેદ નં.૨૫ તરીકે આંક-૧૧૧ થી પંચ અયુબ ભચુ કકલ ને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો આંક-૧૦૦ આરોપી નુરમામદ સુમાર બાફણને અટક કર્યાનાં તેમજ મોબાઈલ ફોન કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમનાં પુરાવામાં આંક-૧૧૧ ના પંચનામામાં તેમજ આંક-૧૧૨ ની મુદામાલ પંચ સ્લીપમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે .તેથી વિશેષ કોઈ હકીકત જણાવેલ ન હોય, ફરીયાદ પક્ષે સદરહુ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે.ત્યારબાદ વિગતવારની ઉલટ તપાસ કરેલ છે, જેમા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તૈયાર કાગળોમાં સહી લીધેલ અને તેમાં શું લખેલ તે વાંચેલ નહિ અને પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

**૨૩. તબીબ સાહેદનો પુરાવો :–**

ફરીયાદ પક્ષે સાહેદ નં.૩૧ તરીકે આંક–૧૨૪ થી ડો. નેહાબેન કરશનભાઈ બલવા ને તપાસેલા છે. તેઓના પુરાવાને જોવામાં આવે તો તા: ૦૭–૦૯–૨૦૨૦ ના રોજ તેઓ જી. કે.જનરલ હોસ્પીટલ, ભુજ મધ્યે મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ઈજા પામનાર રજબ હુશેન કકલ અને આઝાદ હુશેન કકલ ને મારામારીમા ઈજા થયેલ હોય તેની સારવાર માટે લાવેલા. જે પૈકી ઈજા પામનાર રજબ હુશેન કકલને હિસ્ટ્રી પુછતા તેઓને કોઈ ધારદાર હથિયાર થી પેટના ભાગે તા: ૦૭–૦૯–૨૦૨૦ ના રોજ ઈજા થયેલ અને તેમને મામદ સુમાર કકલ નામના વ્યકિત લઈ આવેલ હોવાનું જણાવેલ છે.

તેઓએ તેમના પુરાવામાં ઈજા પામનાર રજબ હુશેન કકલની શારીરિક તપાસણી દરમ્યાન જે ઈજાઓ જોવા મળેલ તે પૈકી ઈજા નં.૧ – ૨×૧ સે.મી. ઈજા નાભીથી ૩ સે.મી. નીચે અને ૫ સે.મી. જમણી બાજુના ભાગે ભોકાયેલ ઘા હતો જયારે ઈજા નં.૨– તેના નાના આંતરઠાના ભાગે ત્રણ અલગ અલગ છેદ હતા. આ ઈજાઓ એક થી બે કલાક પહેલાની હોવાનું અને તે ધારદાર હથિયાર વડે થયેલ હોય તેવી અને ગંભીર પ્રકારની હોવાનું જણાવેલ છે. તેઓએ રજબ હુશેનને તા:૧૭–૦૯–૨૦૨૦ ના રજા આપેલ અને તેના એમ.એલ.સી. આંક–૧૨૫ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

વધુમાં તબીબ સાહેદના પુરાવાની હકીકત મુજબ તેઓએ બીજા દર્દી આઝાદ હુશેન કકલનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ તેનું પી.એમ. કરાવવા માટે પોલીસ દ્વારા મરણોતર ફોર્મ સાથે યાદી તથા ઈન્કવેસ્ટ પંચનામા સાથે આવેલ અને તેઓએ તા: ૦૭–૦૯–૨૦૨૦ ના રોજ કલાક: ૩–૪૦ વાગે લાશનું પી.એમ. શરૂ કરેલ અને કલાક: ૧૫–૩૦ વાગે પૂર્ણ કરેલ. આ પી.એમ. દરમ્યાન તેમની સાથે તેમના પેનલ ડો. કે.એલ. ગોસ્વામી હતા. તબીબ સાહેદના પુરાવા મુજબ લાશનું બાહય પરીક્ષણ કરતા લાશ ઉપર પહેરેલ વસ્ત્રો તેમજ લાશની જે સ્થિતિ હતી તે મુજબનો પુરાવો આપેલ છે અને તેઓને બાહય ઈજાઓમાં પેટની ડાબી બાજુ નીપલથી ૩ સે.મી. નીચે અંદાજીત ૧૦સે.મી. લાંબો અને ૫ સે.મી. પહોળો અને ૮ સે.મી. ઉંડાઈ નો સ્ટેબ વુંડ (ભોકાયેલ ઘા) હતો અને તેના ડાબા હાથની કોણીના ભાગે ઘસાયેલ છુંદાયેલ ઘા હતો. લાશનું આંતરિક પરીક્ષણ દરમ્યાન જે સ્થિતિ હતી તે મુજબની હકીકતો જણાવેલ હતી અને સદર વ્યકિતનું મૃત્યુ વાઈટલ પાર્ટ (ફેફસા અને હૃદય) માં વધારે પ્રમાણમાં લોહી વહી જવાના કારણે શોક લાગવાથી થયેલ હોવાનું તેઓનું માનવુ છે તેમ જણાવેલ છે.

તબીબ સાહેદે તેમણે તેમજ તેમની સાથેના પેનલ ડોકટરશ્રીએ તૈયાર કરેલ પી.એમ. નોટ આંક–૧૨૬ વાળી બતાવવામાં આવતા તે તેમના હસ્તાક્ષરમાં અને તેમાં તેઓની તથા ડો. ગોસ્વામીની સહી ઓળખી બતાવેલ છે. તબીબ સાહેદને પુરાવા દરમ્યાન આંક–૧૨૭ થી ૧૩૧ અન્વયેના મેડીકલ પેપર્સ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષ તરફેના એ સૂચનનો તબીબ સાહેદે સ્વીકાર કરેલ છે કે એમ.એલ.સી. માં ઈજા કોણે કરેલી તે વ્યકિતનું નામ દર્શાવેલ નથી, દર્દીએ જે હિસ્ટ્રી આપેલ તેટલું જ લખેલ.

**૨૪. <u>તપાસ કરનાર અમલદાર/પોલીસ સાહેદોનો પુરાવો</u> :–**

**૨૪.૧** ફરીયાદ પક્ષે સાહેદ ન. ૨૮ તરીકે આંક–૧૧૮ થી દિવ્યરાજસિંહ રઘુવીરસિંહ જાડેજા ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદના પુરાવાને જોવામાં આવે તો તેઓએ મરણ જનાર તથા ઈજા પામનારના કપડા જી.કે. જનરલ હોસ્પીટલ, ભુજ મધ્યેથી લઈ, પી.એસ.આઈ. શ્રી જાડેજાને સુપરત કરેલ છે. તેથી વિશેષ કોઈ કામગીરી તેઓએ કરેલ હોય તેવું તેમના સમગ્ર પુરાવાને ઘ્યાને લેતા જણાતું નથી.

બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, **તેમને જી.કે.જનરલ હોસ્પીટલ માંથી જે કપડા મળેલ તે કપડા કોઈ લેખિત યાદી સાથે સોંપવામાં આવેલ નહિ અને તે કપડા ખુલ્લીહાલતમાં હતા અને તે તેઓએ પી.એસ.આઈ. ને સોપી દીધેલ.**

**૨૪.૨** ફરીયાદ પક્ષે સાહેદ નં.૨૯ તરીકે આંક–૧૧૯ થી પરવિંદ્રસિંગ દિલીપસિંગ ચૌધરી ને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદના પુરાવાને જોવામાં આવે તો તેઓ એ પી.એસ.આઈ. જાડેજાની સુચના મુજબ ગુનાના કામે મરણ જનાર તથા ઈજા પામનારના બ્લડ સૈમ્પલ ભુજ જી.કે.જનરલ હોસ્પીટલથી સીલબંધ હાલતમાં લઈ આવી, જાડેજા ને સુપરત કરેલા હતા અને તેઓએ પંચનામાની વિગતે સાહેદની હાજરીમાં કબજે લીધેલ તેથી વિશેષ કોઈ હકીકત સદરહુ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે.

બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેમને શ્રી જાડેજાએ લેખિત કોઈ યાદી આપેલ નથી કે જી.કે.જનરલ હોસ્પીટલમાં ડોકટરશ્રી પાસે ગયેલ ત્યારે પણ કોઈ લેખિત યાદી આપેલ નહિ, ડોકટરશ્રીએ આપેલ પાર્સલ બાબતે તેઓની કોઈ અંગત માહિતી નથી અને તે પાર્સલ તેઓએ જાડેજાને આપેલ. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેમની હાજરીમાં શ્રી જાડેજાએ કોઈ પંચનામું કરેલ નથી.

**૨૪.૩** ફરીયાદ પક્ષે સોહદ નં.૩૦ તરીકે આંક–૧૨૦ થી ભગવાનભાઈ શિવજીભાઈ રાઠોડ ને તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાને જોવામાં આવે તો તેઓએ પી.એસ.આઈ.

જાડેજાની સૂચનાથી ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ મુદામાલ એફ.એસ.એલ. રાજકોટ મધ્યે સીલબંધ હાલતમાં લઈ જઈ, એફ.એસ.એલ. રાજકોટને સુપરત કરેલ છે. તેઓ એ આંક-૧૨૧ વાળી મુદામાલ મળ્યાની પહોંચ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેથી વિશેષ કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, મુદામાલમાં કયા આર્ટીકલો હતા તે બાબતે તેમની માહિતી નથી તેમજ મુદામાલ તેમની હાજરીમાં સીલ કરવામાં આવેલ નહિ, તેમજ તેમની હાજરીમાં મુદામાલ બાબતે કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી.સદરહુ સાહેદે મુદામાલ એફ.એસ.એલ.માં સોપેલ તે સિવાય તેઓને કોઈ માહિત ન હોવાનું કબુલ રાખેલ છે.

**૨૪.૪** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩૫ તરીકે આંક-૧૪૯ થી તપાસ કરનાર અમલદાર સુરેન્દ્રસિંહ રવુભા જાડેજાને તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાને જોવામાં આવે તો તેઓ પધ્ધર પોલીસ સ્ટેશનનાં ચાર્જમાં હતા તે વખતે જાણવા જોગ નં. ૬૧/ ૨૦૨૦,તા: ૦૭-૦૯-૨૦૨૦ ના કામની તપાસ પી.એસ.ઓ એ તેઓને સોંપેલ. તેઓ એ તેમની તપાસ દરમ્યાન ફરીયાદી મામદ સુલેમાન કકલની ફરીયાદ લઈ, પોલીસ સ્ટેશન માં ગુનો રજીસ્ટર કરવા મોકલેલ અને ગુનો રજીસ્ટર થયા બાદની તપાસ દરમ્યાન તેઓએ બે પંચોની હાજરીમાં સ્થાનીક જગ્યાનુંપંચનામું કરેલ અને સાહેદોના નિવેદનો નોંધેલ ને પુરતા પુરાવાએ આરોપીઓને અટક કરેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે આરોપીઓની બતવણી મુજક ડીસ્કવરી પંચનામું કરેલ અને ગુનામાં વપરાયેલ હથીયાર છરી તથા આરોપીના કપડાઓ કબજે કરેલ અને ડેમોસ્ટ્રેશન પંચનામું કરેલ. ડેમોસ્ટ્રેશન પંચનામા દરમ્યાન બનાવ વાળી જગ્યાએ ગયેલ અને કબજે લીધેલ મુદામાલ પંચનામાની વિગતે કબજે કરી, એફ.એસ.એલ. થવા માટે મોકલાવેલ. મહત્વના સાક્ષીનું સી.આર.પી.સી.૧૬૪ અન્વયે નિવેદન લેવડાવેલ અને બનાવ વાળી જગ્યાની બાજુમાં આવેલ કમલ હોસ્પીટલના સીસીટીવી કુટેજની સીડી મેળવી સામેલ રાખેલ અને જરૂરી મેડીકલ સેમ્પલ તેમજ એફ. એસ. એલ.ના અભિપ્રાય આવી જતા અને આરોપી તેમજ સાહેદ વચ્ચે થયેલ વાતચીત ના સીડીઆર મેળવી, બનાવ વાળી જગ્યાનો નકશો બનાવડાવી, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવાએ ચાર્જશીટ કરેલ છે. તપાસ કરનાર અમલદારે તેમની તપાસ દરમ્યાન કબજે કરેલ દસ્તાવેજો- આધારો આંક-૧૪૯ થી આંક-૧૭૧ અન્વયે રજુ કરેલ છે. તપાસ દરમ્યાન

ત.ક.અ. એ જે જે સાહેદોના નિવેદનો નોંધેલ અને તે સાહેદોએ તેમના નિવેદનમાં જે હકીકતો જણાવેલ તે હકીકતો તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે.

ત.ક.અ. એ બચાવ પક્ષના એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે, આ ગુનાની ફરીયાદ તેઓએ નોંધેલ છે અને તપાસ પણ તેઓએ કરેલી છે. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે તેમની તપાસ મુજબ ફરીયાદી બનાવ નજરે જોનાર વ્યકિત નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા જાહેર વિસ્તાર છે, પરંતુ સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે આ વિસ્તારમાં ખાસ કોઈ વ્યકિતની અવર–જવર રહેતી નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે સી.સી.ટી.વી. ફૂટેજ અંગે એફ.એસ.એલ. ધ્વારા કોઈ તપાસ કરાવેલ નથી. એ સૂચનનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ અને જાણવા જોગ માં આરોપી નં.૪ ના નામનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને ફરીયાદ બનાવ બાદ પાંચ કલાક મોડી આપવામાં આવેલ છે.

૨૫. <u>સમગ્ર પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

➢ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં.૧ ના એ અન્ય આરોપીઓની સામે મળી, ગુન્હાહિત કાવતરૂ ઘડી કરેલ પ્લાન મુજબ મરણ જનાર આઝાદ હુશેન કકલ અને ઈજા પામનાર રજબ હુશેન કકલ નાઓને છરી વડે ગંભીર રીતે ઈજા કરતા લોહી લુહાણ હાલતમાં કુકમા ગામે આવેલ કમલ હોસ્પીટલ પાછળ, પંચર વાળી ગલીમાં પડેલ હતા અને તેઓ બંનેને સારવાર માટે ભુજ જી.કે.જનરલ હોસ્પીટલ ખસેડવામાં આવેલ હતા, જયાં આઝાદ હુશેન કકલ મરણ ગયેલાનું ડોકટરશ્રી એ જણાવેલ હતું જયારે ઈજા પામનાર રજબ હુશેન કકલ ની સારવાર ચાલુ કરવામાં આવેલ હોવાનો આક્ષેપ છે.

➢ ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાને ઝીણવટપૂર્વક જોવામાં આવે તો આ કેસમાં ફરીયાદ પક્ષ તરફ જે પુરાવો નોંધવામાં આવેલ છે તેમાં એક માત્ર બનાવ સમયે હાજર સાહેદ તે ઈજા પામનાર રજબ હુશેન કકલ મહત્વના સાહેદ છે તે સિવાય ના કોઈ પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી.

➢ ફરીયાદ પક્ષે બનાવ સમયે હાજર અને કહેવાતા બનાવમાં ગંભીર ઈજા પહોચેલી તે આંક–૪૨ ના સાહેદ રજબ હુશેન કકલ એ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેઓના પુરાવાની ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તેઓ અને મરણ જનાર આઝાદ મોટર સાયકલથી અનવરભાઈના ઘરે જતા હતા ત્યારે આશરે દસેક વાગે કમલ હોસ્પીટલની બાજુમાં તેઓને કોઈ અજાણ્યા વાહને ટકકર મારતા તેઓ ફંગોળાઈ ગયેલા અને તેમને પેટમાં વાગેલ અને તેમના ભાઈ આઝાદને છાતીના ભાગે ઈજાઓ થતા તેઓ લોહી લુહાણ હાલતમાં

જમીન ઉપર પડી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ હાલનાં આરોપીઓઓ તેઓ ને અને મરણ જનાર આઝાદને છરી જેવા પ્રાણઘાતક હથીયાર વડે ગંભીર ઈજાઓ પહોચાડેલ હોય અને તેવી ગંભીર ઈજાના પરીણામે મરણ જનારનું મૃત્યુ નીપજેલ હતું તે બાબતેનો કોઈ પુરાવો આપેલ નથી.

- વધુમાં, ફરીયાદ પક્ષે આંક-૪૨ ના સાહેદ અતિ મહત્વના સાહેદ હોવા છતાં પણ તેઓના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેવા સંજોગોમાં પુરાવા અધિનિયમની જોગવાઈ અન્વયે મહત્વના સાહેદના અને માત્ર એક બનાવ સમયે હાજર સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી.
- બનાવ કુકમા ગામે આવેલ કમલ હોસ્પીટલ પાછળ, પંચરવાળી ગલીમાં તા: ૦૭-૦૯-૨૦૨૦ ના સવારના ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન બનેલ છે. બનાવ વાળી જગ્યા કમલ હોસ્પીટલના તપાસનાં કામે સીસીટીવીના ફુટેજ ની સીડી બનાવી કબજે કરવામાં આવેલ છે, પરંતુ તે સીડીથી હાલના આરોપીઓ ધ્વારા આક્ષેપીત ગુનો આચરવામાં આવેલ હતું તેવુ ફરીયાદ પક્ષે પુરવાર થતું નથી.
- તપાસ કરનાર અમલદારના પુરાવામાં સી.ડી.આર. ની નકલ રજુ કરવામં આવેલ છે, પરંતુ આ આંક-૧૭૦ થી રજુ સી.ડી.આર. ને ધ્યાને લેતા તેના સમગ્ર પેપર્સ ઉપર તે કઈ કચેરી તરફથી પુરી પાડવામાં આવેલ તે અંગેની કોઈ નોંધ નથી તેમજ તે પેપર્સ ઉપર કોઈ અધિકારીની સહી જણાતી નથી તેમજ આ સી.ડી.આર.માં જે મોબાઈલ નંબર દર્શાવવામાં આવેલ છે,તે મોબાઈલ નંબર કોના હતા તે બાબત પણ સ્પષ્ટ રીતે પુરવાર થતી નથી.
- વધુમાં, બનાવ વાળા સ્થળે હાલના આરોપીઓની હાજરી અંગેનો પણ કોઈ મૌખિક કે વૈજ્ઞાનિક પુરાવો મળી આવેલ હોય તેવું સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતા જણાઈ આવતું નથી.
- ફરીયાદ પક્ષે કરવામાં આવેલ પંચનામાઓના પંચ સોહેદોએ તેમના પુરાવા દરમ્યાન જે તે પંચનામાને આ તમામ પંચો સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો કોઈ પુરાવો રજુ કરતા નથી. જેથી સદરહુ પંચનામાની હકીકતો આ પંચોના પુરાવાથી પુરવાર થયેલ નથી તેમ સ્પષ્ટ જણાય છે.
- સમગ્ર રીતે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાથી મરણ જનારનું મૃત્યુ કઈ રીતે થયેલ તે બાબતે ફરીયાદ પક્ષે મહત્વના એવા બનાવ સમયે હાજર અને તેઓને પણ બનાવમાં

ઈજા થયેલી તે રજબ હુશેન કકલ એ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કરેલ નથી. તપાસ દરમ્યાન કરવામાં આવેલ પંચનામાઓનાં પંચ સાહેદોએ માત્ર તેમની જે તે પંચનામામાં સહીઓ ઓળખી બતાવેલ છે ત્યારે સદરહુ પંચનામાઓ કાયદા મુજબ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

➢ ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું ઉપરોકત જે મૂલ્યાંકન કરવામાં આવેલ છે તેને ઘ્યાને લેતા હાલના કામે મરણ જનાર આઝાદ હુશેન કકલનું મૃત્યુ અકુદરતી રીતે એટલે કે તેઓને છાતીના ભાગે થયેલ ગંભીર ઈજાના કારણસર થયેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે પરંતુ, તેમનું ખૂન કરવામાં અગર તો ઈજા પામનાર રજબ હુશેન કકલને ગંભીર પ્રકારની ઈજા મૃત્યુ નીપજાવવાના ઈરાદે પહોંચાડવામાં હાલના તહોમતદારો કઈ રીતે સંકળાયેલા હતા તેવી કોઈ હકીકત કોઈ પણ સાહેદોના મૌખિક પુરાવા થકી રેકર્ડ પર સ્પષ્ટ પણે અને નિ:શંક રીતે ઉપસ્થિત થયેલ નથી.

➢ વધુમાં, ફરીયાદ પક્ષના કેસ મુજબ સદરહુ બનાવમાં સાહેદ રજત હુશેન કકલને પણ ગંભીર ઈજાઓ પહોચાડવામાં આવેલ હતી અને તેઓનો પુરાવો ફરીયાદ પક્ષે આંક-૪૩ થી નોંઘવામાં આવેલ છે.પરંતુ સદરહુ સાહેદના પુરાવાથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તેઓ ને ફરીયાદ પક્ષના કેસથી વિપરીત હકીકતો જણાવેલ છે અને આક્ષેપીત બનાવમાં હાલનાં આરોપીઓ સંડોવાયેલ હતા તે બાબતે કોઈ પુરાવો આપેલ નથી.

➢ ફરિયાદ પક્ષે પોતાનો કેસ પૂરવાર કરવા માટે આ કામે ૩૫ સાક્ષીઓનો મૌખિક પુરાવો તેમજ ૪૫ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે,પરંતુ, રજૂ થયેલ પુરાવો એટલો વિશ્વસનીય જણાતો નથી કે જેના આધારે ખૂન કે ખુનની કોશીશ કરવાના ઈરાદા જેવા ગંભીર ગુન્હામાં કોઈ વ્યકિતની સ્પષ્ટ સંડોવણી નકકી કરી શકાય.

➢ આમ, ઉપરોકત કરેલ સમગ્ર પુરાવાની ચર્ચાને ઘ્યાને લેતા આ કામના તહોમતદારો સામે ફરીયાદ પક્ષ તરફથી એવા કોઈ સબળ અને વિશ્વસનીય પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે તહોમતદારોને તકસીરવાર ઠરાવી શકાય. તેથી ફરિયાદ પક્ષ તહોમતદારો વિરુઘ્ધ આંક-૨૨ ના તહોમત મુજબનો ગુન્હો નિ:શંકપણે પૂરવાર કરવામાં સફળ નિવડેલ ન હોય, ***મુદા નં.૨ અને નં.૩*** નો નિર્ણય તે મુજબ ***નકારાત્મક*** આપવામાં આવેલ છે.

**૨૬. ગુજરાત પોલીસ એકટની કલમ- ૧૩૫ અન્વયે ચર્ચા :-**

આરોપીઓ ઉપર ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનું પણ

તહોમત છે, ત્યારે તે સંદર્ભે આંક–૧૩૩ થી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કચેરીના કર્મચારી ભરતસિંહ નટવરસિંહ સોઢાને તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાની હકીકતો મુજબ તા: ૩૧–૦૮–૨૦૨૦ ના અધિક જીલ્લા મેજીસ્ટ્ર.શ્રી દ્વારા કચ્છ જિલ્લામાં ધાર્મિક તહેવાર તેમજ મેળાઓની ઉજવણી નજરે હથિયારબંધીનું જાહેરનામું ફરમાવવામાં આવેલ હતું. જે આક–૧૩૩ થી રજુ કરેલ છે. પરંતુ જાહેરનામું રજુ કરવા માત્રથી જાહેરનામું અમલમાં હોવાનું માની શકાય નહી. જાહેરનામાની યોગ્ય રીતે પ્રસિધ્ધી કરવામાં આવેલ કે કેમ? તે પણ મહત્વની બાબત છે. કાયદાકીય જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષની એ ફરજ છે કે તેમણે આરોપીઓ વિરુધ્ધનો કેસ શંકાથી પર સાબિત કરવો જોઈએ. સામાન્ય રીતે જાહેર નોકરે તેમની ફરજના ભાગ રુપે કરેલ કાર્યવાહી કરવામાં આવેલ જ છે તેવુ અનુમાન કાયદાકીય જોગવાઈ મુજબ થઈ શકે છે. આ કામમાં રજુ જાહેરનામુ વંચાણે લેવામાં આવે તો સદર જાહેરનામામાં આ જાહેરનામુ સમગ્ર કચ્છ જીલ્લામાં તમામ વિસ્તારમાં દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં ધ્વનિવર્ધક યંત્રો, ઢંઢેરો કે દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવવામાં આવેલ છે.

ફોજદારી કાર્યરીતી મુજબ આરોપીઓ વિરુધ્ધનું તહોમત નિશંકપણે સાબીત કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. હાલના કેસમાં કેસમાં બચાવપક્ષ તરફથી જાહેરનામા ની યોગ્ય પ્રસિધ્ધી બાબતેની કોઈ દલીલ કરવામાં આવેલ નથી ત્યારે અત્રે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૦(૨) જી.એલ.એચ. પાના નં–૨૮૫, બાઈ શાંતા એન્ડ અધર્સ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા**નો ચુકાદો ધ્યાને લેવો જરુરી સમજુ છુ. સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે માત્ર જાહેરનામુ બહાર પાડવુ અને બહોળી પ્રસિધ્ધી કરાવવી તેવું જણાવેલ હોય તેનાથી બહોળી પ્રસિધ્ધી થયેલાનું માની શકાય નહી, પરંતુ જે જગ્યાએ જાહેરનામુ લાગુ પડતુ હોય તે વિસ્તારની આમ જનતાને જાહેરનામાની જાણ થાય તે રીતે પોલીસ સ્ટેશન માં, અન્ય જાહેર જગ્યાઓ ઉપર તેની નકલ ચોટાડી તેમજ દાંડી પીટી જાહેરનામાની પ્રસિધ્ધી કરવામાં આવેલ તેવુ સાબીત કરવુ જોઈએ. ત્યારે સદર હથિયારબંધીના જાહેર નામાની બનાવ વાળી જગ્યાએ ઢોલની દાંડી પીટીને કે અન્ય રીતે જાહેર પ્રસિધ્ધી કરવામાં આવેલ હોવાનું ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવેલ નથી, ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા

ફરીયાદ પક્ષ આ કામમા હથિયાર બંધીનું જાહેરનામુ યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલાનું સાબીત કરવામા નિષ્ફળ રહેલ છે અને તે જાહેરનામાથી આરોપી વાકેફ હતા તે બાબતે પણ ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ, તે સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો ફરીયાદ પક્ષ નિ:શકપણે સાબિત કરી શકેલ ન હોય, મુદ્દા ન.૦૪ નો જવાબ **નકારાત્મક** આપવામાં આવે છે.

**૨૭.** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ધ્યાને લેતા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ, મુદા નં. ૫ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૦૧.** આ કામના આરોપીઓ (૧) **શૌકતઅલી ઉર્ફે અભલો બરકતઅલી પઠાણ,** રહે: ભીડનાકા બહાર, સિતારા ચોક, ભુજ–કચ્છ (૨) **ઉમર સુમાર બાફણ,** રહે: નવાવાસ, કુકમા , તા: ભુજ–કચ્છ (૩) **અબકર ઉર્ફે અકલો અબ્દુલ મ્યાત્રા,**રહે: તરાઈ વાળુ ફળીયુ, લખુરાઈ ચાર રસ્તા,સુરલભીટ, ભુજ–કચ્છ(૪) **નુરમામદ સુમાર બાફણ,**રહે: કુકમા, નવાવાસ,ભુજ–કચ્છ, હાલ:સિતારા ચોક,ભીડગેટ,ભુજ–કચ્છનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૦૭,૧૨૦(બી),૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ તેમજ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** સદરહુ ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ મુદામાલ પાવતી નં. ૧૪૨/૨૦ ના આર્ટીકલ નં. ૧૦ થી કબજે કરવામાં આવેલ બજાજ કંપનીનું પલ્સર–૨૨૦ એફ જેના રજી.નં.જીજે.૧૨.ડી.૯૬૧૩ તેમજ મુદ્દામાલ પાવતી નં. ૧૪૯ /૨૦૨૦ ના આર્ટીકલ નં.૨૨ થી કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોન વીવો અંગે અદાલત કરેલ હુકમ અપીલ સમય બાદ બિનશરતી કાયમ કરવો.

મુદામાલ પાવતી નં. ૧૪૨/૨૦ ના આર્ટીકલ નં. ૮ થી કબજે થયેલ બે આર.સી.બુક, તેમજ મુદ્દામાલ પાવતી નં. ૧૪૭/૨૦ ના આર્ટીકલ નં. ૧૯ અને ૨૦ થી કબજે લેવામાં

**Sessions Case No. 15/2021**

આવેલ મોબાઈલ ફોન ટ્રાઈઓ કંપનીનો સાદો તેમજ એક ગોલ્ડ કલરનો સેમસંગ કંપનીના ફોન તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૨ મોટર સાયકલ રજી.નં.જીજે.૧૨. એઆર.૧૧૭૯ અંગે જરૂરી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતી નં. ૧૫૫/૨૦ ના આર્ટીકલ નં. ૨૦ થી કબજે લેવામાં આવેલ સફેદ કલરનો સેમસંગ કંપનીનો સાદા ફોન સાથે વોડા ફોનના બે સીમ અંગે જરૂરી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સિવાયનો બાકીનો તમામ બિનકિંમતી મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

**૦૩.** આ કામનાં આરોપી નં.૧ તથા નં.૨ વાળા જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ, સદરહુ હુકમ ની જાણ થવા અંગે સબંધીત જેલરશ્રીને યાદી કરવી.

**૦૪.** દરેક આરોપીએ રુા.૫૦૦૦/- ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૪૩૭(એ) મુજબનાં રજુ કરવા.

હુકમ આજ તારીખ:-સાતમી, માહે: જાન્યુઆરી, સને: ૨૦૨૩ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
છઠ્ઠા અધિક સેસન્સ જજ,
કચ્છ-ભુજ

તા: ૦૭/૦૧/૨૦૨૩
ભુજ-કચ્છ
"RPGOR"